# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 02-04-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

- દેશની સંરક્ષણ ક્ષેત્રની નિકાસ વર્ષ 2023-24 માં 21 હજાર કરોડ રૂપિયાના આંકને વટાવી ગઇ છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં ચૂંટણી રેલીઓને સંબોધશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાવાઝોડા અસરગ્રસ્ત બંગાળ, આસામ અને મણિપુરના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.
- વિદેશમંત્રી એસ. જયશંકરે અરૂણાચલપ્રદેશ ઉપર ચીનના દાવાને ફગાવતા કહ્યું કે, અરૂણાચલપ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે અને હંમેશા રહેશે
- હવામાન વિભાગે એપ્રિલથી જૂન મહિના દરમિયાન ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાંક રાજ્યોમાં તીવ્ર ગરમીની શક્યતા વ્યક્ત કરી છે .
- ગુજરાતનાં માનવ ઠક્કર અને માનુષ શાહની જોડી WTT ફીડર ટેબલ ટેનિસમાં પુરૂષ ડબલ્સમાં રનર્સ-અપ રહી
- આઈપીએલમાં ગઈકાલે રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઇન્ડિયન્સને છ વિકેટ હરાવ્યું

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH---DEFENCE-EXPORT

દેશની સંરક્ષણ ક્ષેત્રની નિકાસ વર્ષ 2023-24 માં 21 હજાર કરોડ રૂપિયાના આંકને વટાવી ગઇ છે.

સોશિયલ મીડીયા ઉપર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વધુમાં જણાવ્યું હતું કે આ વખતની નિકાસ અગાઉના નાણાકીય વર્ષની સરખામણીએ 32 ટકાનો વધારો દર્શાવે છે. સંરક્ષણ મંત્રાલયે આ ક્ષેત્રે ઉત્પાદન અને નિકાસ વધારવા ઘણી પહેલો હાથ ધરી છે. આ ક્ષેત્રે જાહેર સાહસો અને ખાનગી ક્ષેત્રના એકમોએ  નોંધપાત્ર કામગીરી કરી છે..

# PM-UTTARAKHAND-ELECTION-CAMPAIGN.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં ચૂંટણી રેલીઓને સંબોધશે. તેઓ ઉત્તરાખંડમાં નૈનીતાલ ઉધમ સિંહ નગર મતવિસ્તારના રુદ્રપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને રાજ્યમંત્રી અજય ભટ્ટ કોંગ્રેસના ઉમેદવાર પ્રકાશ જોશી સામે ચૂંટણી લડી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની તમામ પાંચ લોકસભા બેઠકો માટે પ્રથમત બક્કામાં 19 એપ્રિલે મતદાન થવાનું છે. તેવી જ રીતે શ્રી મોદી રાજસ્થાનના જયપુર ગ્રામીણ લોકસભા મતવિસ્તાર હેઠળના કોટપુતલીમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરશે. તેઓ બપોરે લગભગ 1.30 વાગ્યે મોલાહેરા ગામમાં સભા સ્થળે પહોંચશે અને જયપુર ગ્રામીણ લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર રાવ રાજેન્દ્ર સિંહના સમર્થનમાં આ જાહેરસભાને સંબોધશે. ચૂંટણીની જાહેરાત બાદ રાજસ્થાનમાં લોકસભા ચૂંટણી માટે પ્રધાનમંત્રીની આ પ્રથમ બેઠક હશે. રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી બે તબક્કામાં 19 અને 26 એપ્રિલે યોજાશે..

# CONGRESS---LIST.rtf

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે બે ઉમેદવારોની યાદી જાહેર કરી છે.જે મુજબ અભય કાશીનાથ પાટિલ મહારાષ્ટ્રના અકોલાથી અને કડિયમ કાવ્યા તેલંગાણાની વારંગલ, બેઠક પરથી ચૂંટણી લડશે..

# SHAH---STORM-CM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાવાઝોડાના કારણે અસરગ્રસ્ત બંગાળ, આસામ અને મણિપુરના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરીને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે. સોશિયલ મિડીયા ઉપર શ્રી શાહે આ વાવાઝોડાના કારણે મૃત્યુ પામનારના પરિવારજનોને સાંત્વના પાઠવી છે, અને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી છે.

ઉલ્લેખનીય છે કે વાવાઝોડાના કારણે બંગાળના જલપાઇગુડી અને મઇનાગુડી શહેરોમાં ઘણા મકાનોને નુકસાન થયું છે, અને ઘણાં વૃક્ષો ધરાશાયી થયા છે. વાવાઝોડાને લગતા બનાવોમાં ચાર લોકોના મૃત્યુ નીપજ્યા છે, અને 100થી વધુ લોકોને ઇજા થઇ છે. વાવાઝોડાના કારણે ઇશાન ભારતમાં ઘણા સ્થળોએ સામાન્ય જનજીવનને અસર થઇ હતી. આસામના ગુવહાટી વિમાનમથકે  છતનો કેટલોક હિસ્સો ભારે વરસાદને કારણે તૂટી પડતાં તેમજ ખરાબ હવામાનના કારણે વિમાનોનાં સંચાલનને અસર થઇ હતી.

દરમિયાન હવામાન વિભાગે બે પશ્ચિમી વિક્ષોભના કારણે હિમાલયના ઘણા વિસ્તારોમાં આગામી પાંચમી એપ્રિલ સુધી હવામાનને અસર થવાની સંભાવના વ્યક્ત કરી છે. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં આગામી 6ઠ્ઠી એપ્રિલ સુધી ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે..

# JAISHANKAR-SURAT.rtf

વિદેશ મંત્રી ડો.એસ જયશંકરે કહ્યું કે જ્યાં સુધી સરહદ પરનો તણાવ દૂર નહીં થાય ત્યાં સુધી પાકિસ્તાન સાથે વેપારની કોઈ શક્યતા નથી. શ્રી જયશંકરે ગઈકાલે ગુજરાતના સુરતમાં દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત "ભારતનોં આર્થિક ઉત્થાન " વિષય પર કોર્પોરેટ સંમેલનમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યુ છે તેમણે કહ્યું કે કહ્યું કે આતંકવાદને કોઈપણ સ્વરૂપમાં સહન કરવામાં નહિ આવે.

શ્રી જયશંકરે એ કહ્યું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અવિભાજ્ય અંગ છે અને હંમેશા ભારતીય રાજ્ય રહેશે તેનું નામ બદલવાથી આ હકીકત પર કોઈ અસર થશે નહીં. તેમણે ઉમેર્યું કે ચીનને આર્થિક મોરચે માત આપવા ભારતે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

# CJI---CBI-DAY.rtf

મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચુડે ફોજદારી ન્યાય પ્રણાલીમાં પરિવર્તન લાવવામાં ટેકનોલોજીની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો છે. સીબીઆઈના સ્થાપના દિવસ નિમિત્તે ગઈકાલે નવી દિલ્હીમાં 20મા ડી.પી. કોહલીસ્મૃતિ વ્યાખ્યાનમાં શ્રી ચંદ્રચૂડે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સીબીઆઈ જેવી કાયદા અને અમલીકરણ એજન્સીઓ નવા અને જટિલ પડકારોનો સામનો કરી રહી છે જે નવીન ઉકેલની માંગ કરે છે.

તેમણે જણાવ્યું કે સંસદ દ્વારા તાજેતરમાં ઘડવામાં આવેલ નવો ફોજદારી કાયદો ફોજદારી પ્રક્રિયાના વિવિધ પાસાઓના ડિજીટલીકરણ કરવાનો હેતુ છે. તેમણે કહ્યું કે ન્યાય પ્રણાલીને આધુનિક બનાવવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે ફોજદારી ન્યાય પ્રણાલીમાં તમામ હિતધારકો વચ્ચે સહયોગના મહત્વ પર ભારમૂક્યો હતો.

આ પ્રસંગે તેમણે સીબીઆઈ અધિકારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને મેરીટોરીયસ સેવા માટે પોલીસ મેડલ પણ અર્પણ કર્યા હતા. અત્રે નોંધનીય છે કે કેન્દ્રીય અન્વેષણ બ્યુરો સીબીઆઈની સ્થાપના ભારત સરકારના પહેલી એપ્રિલ 1963ના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી, જે માત્ર લાંચ અને ભ્રષ્ટાચારના કેસોની જ નહીં, પણ કેન્દ્રીય નાણાકીય કાયદાઓના ઉલ્લંઘનો અને ગંભીર ગુનાઓની તપાસ કરવા ઉપરાંત સહાયક ગુપ્ત માહિતી એકત્ર કરે છે..

# PM---COAL.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કોલસા અને લિગ્નાઈટનુ ઉત્પાદન એક અબજ ટનને પાર થવું એ ભારત માટે મોટી ઉપલબ્ધિ છે. શ્રી મોદીએ આ અંગે ખુશી વ્યકત કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે આ ઉપલબ્ધિ ઊર્જા ક્ષેત્રમાં ભારતનું આત્મનિર્ભર પગલું  સુનિશ્ચિત કરે છે. કોલસા મંત્રી પ્રહલાદ જોશીએ કોલસા ક્ષેત્રના તમામ હિતધારકોને આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા..

# HEATWAVE-PREDICTION.rtf

હવામાન વિભાગે ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાંક રાજ્યોમાં ઉનાળામાં ગરમીના મોજાની મહત્તમ અસર થવાની શક્યતા વ્યક્ત કરી છે .

ભારતના હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ એપ્રિલ અને જૂન મહિનાની વચ્ચે મધ્ય, ઉત્તરીય મેદાનો અને દેશના દક્ષિણ ભાગમાં ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, વર્તમાન મહિનામાં દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જો કે, પૂર્વ, ઉત્તરપૂર્વ અને ઉત્તરપશ્ચિમ ભારતના અલગ-અલગ વિસ્તારોમાં સામાન્યથી નીચુ મહત્તમ તાપમાન અનુભવાય તેવી શક્યતા છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય કમલ કિશોરે જણાવ્યું હતું કે, સત્તામંડળ હીટવેવ અંગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત પણે વાતચીત કરી રહ્યુ છે.

દરમ્યાન નવી દિલ્હીમાં ગઇકાલે મીડિયાને સંબોધતા, કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, તેમણે ભારે ગરમીની આગાહી વચ્ચે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને હિતધારકો સાથે બેઠક કરી છે. તેમણે માહિતી આપી હતી કે રાજ્ય સરકારો સહિત તમામ હિતધારકોએ આ અંગે વિસ્તૃત તૈયારીઓ કરી છે.

# ED---CRYPTO-CURRENCIES.rtf:

પ્રવર્તન નિદેશાલય-ઇડીએ મની લોન્ડરિંગ કેસમાં ક્રિપ્ટો કંપની-બિટકનેક્ટ કોઇનના અધિકારી દિવ્યેશ દરજી અને અન્ય લોકો સામે કરેલી કાર્યવાહીમાં ક્રિપ્ટો કરન્સી, સોનું અને 433 કરોડની રોકડ જપ્ત કરી છે.

CID-ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુજરાતના સુરત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRના આધારે EDએ તપાસ શરૂ કરી હતી, જેના પગલે દિવ્યેશ દરજી, સતીશ કુંભાણી, શૈલેષ ભટ્ટ અને અન્ય આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

તપાસમાં  સતીશ કુંભાણી અને તેના સાગરિતોએ લોકોને ગેરમાર્ગે દોરીને અને રોકાણકારો સાથે છેતરપિંડી કર્યાનુ સામે આવ્યું છે..

# Table tennis WTT

ટેબલ ટેનિસમાં રાજ્યના માનવ ઠક્કર અને માનુષ શાહની જોડી ડબલ્યુટીટી ફીડર ઓટોસેક સ્પર્ધામાં પુરૂષ ડબલ્સમાં રનર્સ-અપ રહી  છે. સ્લોવેનિયામાં રમાયેલી ફાઈનલમાં દક્ષિણ કોરિયાની જોડી સામે ૩ -૨થી હારતા તેઓ રનર અપ બન્યા છે ..

# NT.-IPL--RESULT.rtf

ઇંડિયન પ્રીમિયર લીગ ક્રિકેટની આજે રમાનારી મેચમાં  રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. આ મેચ  બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે .30 વાગ્યે રંમાશે.

દરમ્યાન ગઈ કાલેરમાયેલી મેચમાં  મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ગઈકાલે રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે હરાવ્યું છે. રાજસ્થાનની ટીમે  126 રનના લક્ષ્યાંકનો પીછો કરતા  માત્ર 15.3 ઓવરમાં ચાર વિકેટે 127 રન બનાવી લીધા હતા. અગાઉ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 125 રન બનાવ્યા હતા. બોલ્ટને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

# RIJIJU-CHINA.rtf

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અરુણાચલ પ્રદેશમાં 30 સ્થળોને ગેરકાયદેસર રીતે ભૌગોલિક નામો આપવા બદલ ચીનની નિંદા કરી છે. શ્રી રિજિજુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે ચીન પાયાવિહોણા દાવા કરી રહ્યું છે પરંતુ તેનાથી જમીની વાસ્તવિકતા અને ઐતિહાસિક તથ્યો બદલાશે નહીં. તેમણે કહ્યું કે અરુણાચલપ્રદેશ ભારતનો અભિન્ન અંગ છે અને અરુણાચલ પ્રદેશના લોકો સર્વોચ્ચ દેશ ભક્ત ભારતીયો છે..

# IMRAN-KHAN---RELIEF.rtf

ઈસ્લામાબાદ વડી અદાલતે તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને આપવામાં આવેલી 14 વર્ષની સજાને સ્થગિત કરી છે. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ  આમર ફારુકે કહ્યું કે સજા સામેની અપીલ પર સુનાવણી ઈદની રજાઓ પછી નક્કી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઈમરાન ખાન પર પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન મળેલી મોંઘી સરકારી ભેટો પોતાની પાસે રાખતા હોવાનો આરોપ છે. ગત  31 જાન્યુઆરીએ અદાલતે કથિત ભ્રષ્ટાચાર બદલ 14 વર્ષની જેલની સજાફટકારી હતી.